ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧ સપ્ટેમ્બર, ૨૦૨૪

# વક્ફ બોર્ડ અને કેન્દ્ર સરકારની ચોપાટ

## કોણે ક્યાં કાચું કાપ્યું અને કોણ સ્વાર્થ સાધી જશે?



વક્ફ બોર્ડ આજકાલ સતત ચર્ચામાં છે અને તે અંગે મત-મતાંતર સતત આવતા રહે છે. આખરે આ વક્ફ બોર્ડ છે શું? એક એવી સંસ્થા જે દેશમાં સૌથી વધુ જમીન પર માલિકી ધરાવતાઓની યાદીમાં ત્રીજા ક્રમાંકે છે અને ન તો સરકાર એનો વાળ વાંકો કરી શકે એમ છે કે ન તો કોર્ટ-કચેરીનું એની પર કંઇ ચાલે એમ છે.

વક્ફ - એ ઈસ્લામ ધર્મમાં ધાર્મિક કાર્ય માટે, દાન ધર્માદા એટલે કે સખાવતના કામ માટે ઈશ્વરને દાન કરવામાં આવતી ચળ કે અચળ સંપત્તિને કહેવાય છે. એકવાર તમે તમારી એ સંપત્તિ ઈશ્વરને નામ કરી દીધી પછી તમે કે તમારી આવનારી પેઢીઓ સુધ્ધાં એની પર કોઇ દાવો ન કરી શકે. વક્ફની સંપત્તિની દેખરેખ મુતાવલી કરે - જે મૂળે એક વહીવટકર્તા કે મેનેજર જેવી વ્યક્તિ હોય છે. તે એ જમીનમાં ન કોઇ ફેરફાર કરી શકે કે ન તેને વેચી શકે. અંગ્રેજી ટ્રસ્ટના કાયદા સાથે આ વક્ફના કાયદા થોડાઘણા સમાન છે પણ વક્ફમાં અપાયેલી જમીન કાયમી ધોરણે વક્ફ બોર્ડની જ રહે, તેનો ઉપયોગ ધર્મ કે ધર્માદા સિવાય બીજી કોઇ રીતે ન જ થઇ શકે - જ્યારે અંગ્રેજી ટ્રસ્ટના કાયદા આટલા કડક નથી હોતા. વક્ફ પણ ત્રણ જાતના હોય જેમાં પહેલો છે કે વક્ફ સંપત્તિનો ઉપયોગ જાહેર જનતા માટે થાય, બીજામાં જાહેર જનતા અને મૂળ માલિક પરિવારના કલ્યાણ માટે તેનો ઉપયોગ વહેંચાય અને ત્રીજા પ્રકારમાં કોઇ પરિવારના કલ્યાણ માટે પણ તેનો ઉપયોગ થઇ શકે પણ જ્યારે તે વંશવેલાનો અંત આવે તો એ જમીન સાર્વજનિક અથવા ધર્મના કામ માટે વપરાશમાં લેવાય. વક્ફની પ્રથા 1000 વર્ષ જુની છે. કોઈ જમીન પર આંગળી ચિંધીને વક્ફ બોર્ડ કહે કે આ અમારી જમીન છે તો તમે કંઇ કરી પણ ન શકો, જો કે એક સરવે કમિટી હોય છે જેના રિપોર્ટ વગર વક્ફ બોર્ડ આવું ન કરી શકે.

### વક્ફનો ઇતિહાસ અને વર્તમાન

એક રસપ્રદ માહિતી એવી છે કે ઈ.સ. 1327માં એક વક્ફ બનાવવામાં આવ્યો હતો. આ દમાસ્કસ, સિરિયાની વાત છે. જો હોટેલના વેઈટરથી પોર્સેલિનના વાસણ તૂટી જાય તો તેનો બોજ વેઈટરને માથે નહીં આવે પણ વક્ફની સંપત્તિનો ઉપયોગ કરી તે ખર્ચ સરભર કરાશે અને નવા વાસણ લવાશે. વક્ફની મિલકતનો ઉપયોગ કરવાનો આ એક ઉમદા વિકલ્પ હતો. પણ આ તો ઈસ. 1327ની વાત છે. સમયાંતરે ધર્માદા કરનારાઓ પોતાનું ભલું પહેલા વિચારવા માંડે એટલે પછી ત્યાં ભ્રષ્ટાચાર અને રાજકારણ બંન્ને પગપેસારો કરે. ભારતમાં પણ કંઇક આવું જ થયું છે. વક્ફના કાયદા આપણે ત્યાં એકથી વધુ વાર સુધારામાંથી પસાર થયા છે અને છેલ્લે એ સુધારો 1995માં આવ્યો હતો જે અત્યારે અમલમાં છે. અત્યારે અલગ અલગ રાજ્યોમાં કૂલ 32 વક્ફ બોર્ડ છે, વળી તેમા શિયા અને સુન્ની મુસલમાનોના વક્ફ બોર્ડ જુદાં હોય છે. આ બોર્ડની જવાબદારી છે કે રાજ્યની વક્ફ કરાયેલી સંપત્તિઓનો વહીવટ કરવો, તેનો ઉપયોગ કરી જે પણ કમાણી થાય તેનો દાન-ધર્માદા માટે ઉપયોગ કરવો. આ બધાંની ઉપર એક સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ તો છે જ. આખા દેશમાં 9.4 લાખ એકર જમીન વક્ફ બોર્ડની છે, જેમાંથી 8.7 લાખ અચળ સંપત્તિઓ - મસ્જિદ, કબ્રસ્તાન, દુકાનો અને ખેતીલાયક જમીન - છે.

### વક્ફમાં ગરબડ શું છે?

દેશમાં જમીન માલિકીને મામલે ત્રીજા નંબરે આવતા વક્ફ બોર્ડ પાસે આટલી બધી મિલકત છે પણ પૈસાને મામલે તો બોર્ડ ઠન ઠન ગોપાલ છે. 2006ની સચ્ચર કમિટીના અહેવાલ અનુસાર વક્ફ બોર્ડની સંપત્તિનો ઉપયોગ યોગ્ય રીતે થાય તો તેઓ 12000 કરોડની આવક મેળવી શકે પણ એવું કંઇ છે નહીં. વક્ફ બોર્ડના વહીવટ કર્તાઓ ભ્રષ્ટાચારમાં ગરકાવ છે અને જમીન ઓછા ભાવે ભાડે આપવાથી માંડીને પોતાનો ધંધો ચાલુ કરી દેનારા લોકો ત્યાં બેઠા છે. ધર્માદા આમાં તો નેવે મુકાઇ જાય તે સ્વાભાવિક છે. પણ આ જ સચ્ચર કમિટીના અહેવાલ મુજબ વક્ફની મિલકતમાં સરકારથી માંડીને ખાનગી ઠેકેદારોએ જમીન ગુપચાવી લીધી હોય એવા કિસ્સા પણ બન્યા છે અને આ પણ એક કારણ છે જેનાથી વક્ફની સંપત્તિથી આવક કમાવી મુશ્કેલ થઇ જાય. ગામડાંની સંપત્તિ આંતરિયાળ વિસ્તારોમાં હોય તો ત્યાં બીજી સમસ્યા હોય અને શહેરોમાં તો કોઇપણ જમીન પર એકથી વધારે ગુંચવાડા હોવાના જ. જ્યાં વક્ફ બોર્ડમાં જવાબદાર અને પ્રામાણિક લોકો છે ત્યાં મામલાઓ કોર્ટમાં અટકેલા છે.

### વક્ફની ચર્ચા અત્યારે કેમ?

શું સરકારના સુધારા આ સમસ્યા ઉકેલીને વક્ફની મિલકતનો જે મૂળ ઉદ્દેશ છે તે પાર પાડી શકશે? વક્ફ બોર્ડને અને સરકારને એકબીજા પર વિશ્વાસ બેસશે? અત્યારે જે ચર્ચા ઊપડી છે એનું કારણ છે કે મોદી સરકારે જાહેર કર્યું કે વક્ફના કાયદા અંગે સંશોધન કરાશે, એમાં સુધારા કરાશે જેને લીધે વક્ફ બોર્ડ મન ફાવે એ રીતે જમીનો પર દાવો ન માંડે. 8 ઑગસ્ટે સંસદના સત્રમાં BJPના માઈનોરિટી અફેર્સ મિનિસ્ટર કિરેન રિજિજુએ વક્ફ એમેન્ડમેન્ડ બિલ 2024 જાહેર કર્યું. આ પગલાં સામે વિરોધ પક્ષે એમ કહ્યું છે કે આવા બહાનાં કરીને ક્યાંક સરકાર જ વક્ફની જમીનો પર કબજો કરી લે એવું ન થાય. અવાજો ઉઠ્યા એટલે આ બિલ એક સંયુક્ત સંસદીય સમિતિને મોકલી દેવાયું. આ સમિતિના અધ્યક્ષ BJPના સંસદ સભ્ય જગદંબિકા પાલ છે. તેને સંયુક્ત સંસદીય સમિતિને મોકલવામાં આવ્યું જેથી અલગ અલગ પક્ષોની સુધારા સામેની નારાજગીને સંબોધી શકાય. સરકાર તો એમ જ દાવો કરે છે કે આ ફેરફારથી કોઇની ધાર્મિક સ્વતંત્રતામાં દખલ નથી થવાની, કોઇનો અધિકાર છીનવી નહીં



બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

લેવાય વગેરે પણ આમાંનું કંઇપણ લોકોને ગળે નથી ઉતરી રહ્યું. સરકારે ધારેલા ફેરફાર થઇ જશે તો વક્ફ એક્ટ 1995નું નામ યુનાઈટેડ વક્ફ મેનેજમેન્ટ એમ્પાવરમેન્ટ એફિશ્યન્સિ એન્ડ ડેવલપમેન્ટ એક્ટ - UMEED - તરીકે ઓળખાશે.

### શું વક્ફ પર સરકારની કોઇ પકડ નથી?

હવે આ બદલાવ તો થશે પુરેપુરા લાગુ થાય ત્યારની વાત છે પણ ભૂતકાળમાં તમિલનાડુમાં આખે આખું ગામ વક્ફનું હોવાના દાવા થયા છે અને કોર્ટે તેની વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો. વળી તાજેતરમાં

**વક્ફ બોર્ડને સરકાર, કાયદા તંત્ર અને કરવેરા બધાને સાથે રાખીને જ ચાલવું પડે છે એ સમજવું જરૂરી છે. અધુરી માહિતી પર ચાલતા કોઇપણ ગપગોળા માની ન લેવા**

બિહારમાં પણ એક ગામ પર વક્ફના દાવાને લઇને કડાકૂટ ચાલી રહી છે. આ બધાંની વચ્ચે સરકારના UMEED - વાળા સુધારાનો વિવિધ વક્ફ બોર્ડ વિરોધ પણ કરી રહ્યા છે કારણકે એમને ડર છે કે સરકાર સરવે વગેરેની કામગીરી કલેક્ટર સ્તરે આપી દેશે તો તેમની પાસે એ જમીનો નહીં રહે. તંત્રની અંદર તંત્રની માફક ચાલનાર વક્ફ બોર્ડે એક વાત સમજવી પડશે કે એ લોકો ધારે એ જમીનને વક્ફ નહીં કરી શકે. વળી કોઈ માણસ માત્રને માત્ર પોતાની જમીનને વક્ફ કરવાનો નિર્ણય લઇ શકે છે, એ બીજાની જમીનને વક્ફ ન કરાવી શકે.

પણ 1995ના સુધારામાં એવી વાત હતી કે વક્ફ બોર્ડને લાગે કે કોઇ જમીન કદાચ વક્ફ છે તો તેઓ સરવે કરાવીને પરિણામને આધારે જમીન વક્ફની છે કે નહીં એ તપાસ કરાવી શકે છે. આ વળી સહેલું નથી કારણકે આ માટેનો સરવે કમિશનર સરકાર નિમે જે કાગળિયાં વગેરેની તપાસ કરે, પણ ઈસ્લામી કાયદા અનુસાર માણસ લખાણપટ્ટી વિના પણ માત્ર બોલીને-વચન આપીને પણ જમીન વક્ફ કરાવી શકે છે જે આખી બાબતને પેચીદી બનાવે છે. સ્ટેટ વક્ફ બોર્ડમાં સરકારી માણસોની પણ નિમણૂંક થતી હોય છે. ટૂંકમાં વક્ફ બોર્ડમાં સરકારનું પ્રતિનિધિત્વ નથી હોતું એ વાત સાવ ખોટી છે. સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં પણ સરકાર જ બધા સભ્યોની નિમણૂંક કરે છે. વળી એ ચોખવટ પણ જરૂરી છે કે વક્ફ બોર્ડના નિયમો-કાયદાઓ ભારતના સંસદ દ્વારા બનાવેલા કાયદા અનુસાર જ કામ કરે છે અને તેના અધિકૃત વિવાદોનો નિવેડો લાવવા માટે વક્ફ ટ્રાઈબ્યુનલ હોય છે જેમાં સભ્યો સરકારના નિમેલા જ હોય છે. વળી આ સભ્યોમાં મુસલમાન કાયદાઓ સમજનાર વ્યક્તિ મુસલમાન ન હોય અને પારસી કે હિંદુ હોય તો પણ તેની નિમણૂંક સરકાર કરી જ શકે છે. એટલે કે વક્ફ બોર્ડ કંઇ સ્વાયત્ત નથી. ટ્રાઇબ્યુનલની કામગીરી પર સુપ્રીમ કોર્ટને યોગ્ય લાગે એ રીતે મંજૂરી કે નામંજૂરીની મહોર મારી જ શકે છે. વક્ફને વળી બધા કરવેરા પણ ભરવાના જ આવે જ છે. ટૂંકમાં વક્ફ બોર્ડને સરકાર, કાયદા તંત્ર અને કરવેરા બધાને સાથે રાખીને જ ચાલવું પડે છે એ સમજવું જરૂરી છે. અધુરી માહિતી પર ચાલતા કોઇપણ ગપગોળા માની ન લેવા.

### BJP સરકારના સુધારા અને વક્ફ બોર્ડની ચિંતા

અત્યારે સરકાર ઈચ્છે છે કે સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં બે મુસલમાન સ્ત્રીઓ ફરજિયાત હોવી જોઇએ એ સારી બાબત છે. તેમાં બે બિન-મુસલમાન સભ્યો પણ હોવા જોઇએ - જે પણ યોગ્ય છે. હવે વિરોધપક્ષો એમ કહે છે કે હિંદુ મંદિરોના બોર્ડમાં પણ બિન હિંદુ સભ્યો હોવા જોઇએ. હાલમાં સૂચવેલા સુધારા અનુસાર વક્ફ બોર્ડ પોતાની મરજી પ્રમાણે જમીનની માલિકી વક્ફની છે કે નહીં તે અંગેની તપાસ કરવા ન જઇ શકે અને એ તપાસ કલેક્ટર કરશે. અહીં એ વાતે વિરોધ છે કે સરવે અધિકારી સરકારી જ છે તો પછી વક્ફ બોર્ડ જમીન પચાવી લેશે એવું તો થવાનું નથી. સાથે મોટી ચિંતા એ છે કે સરવે કમિશનરનું કામ કલેક્ટરના હાથમાં જાય એટલે વક્ફની સંપત્તિ પારખવાની સત્તા પુરેપુરી સરકાર પાસે જાય પછી કલેક્ટર સરકાર વિરોધી નિર્ણયો તો નહીં લે તો પછી ક્યાંક એમ ન થાય કે જમીન વક્ફની હોય તો પણ તે વક્ફની નથી એવું એ કહી દે. વક્ફની સંપત્તિનું ડિજિટલ રજિસ્ટ્રેશન જો છ મહિનામાં ન થાય તો તેને વક્ફની સંપત્તિ નહીં ગણાય એવો સુધારો પણ સરકાર સૂચવ્યો છે જેમાં આખી ન્યાયિક સમિક્ષાની પ્રક્રિયાનો છેદ ઊડી જાય છે. આપણે ત્યાં મિલકતના સરવે, ડિજિટાલાઈઝેશન વગેરે છ મહિનામાં નથી જ થતા એ આપણે જાણીએ જ છીએ. આવામાં રેઢિયાળ તંત્રનો ઉપયોગ કરીને હોંશિયાર સરકાર ડિજિટાલાઈઝેશન અને કલેક્ટર રાજ વાપરીને વક્ફ બોર્ડની પકડ ઢીલી કરવાનો કારસો રચી રહી છે એવું દ્રઢતાપૂર્વક મનાઇ રહ્યું છે.


**બાય ધી વે**

ટૂંકમાં વક્ફ બોર્ડને મજબૂત કરવાને બદલે, જમીન પચાવનારાઓ સામે પગલાં લેવાની વાતને બદલે સરકાર કંઇ બીજા જ સુધારા કરવાની વાત કરી રહી છે. સચ્ચર કમિટીના રિપોર્ટના બહુ ઓછા મુદ્દાઓ નવા સુધારામાં ગણતરીમાં લેવાયા છે. ખરેખર તો વક્ફ બોર્ડ પર રાજકારણ ખેલાતું હોય તો તેનુ કારણ તેમની રેઢિયાળ માનસિકતા છે કારણકે વક્ફ બોર્ડ સમય સાથે બદલાયા નહીં, ન તો વક્ફની ખરબોની સંપત્તિઓનો ઉપયોગ કરી આવક વધારી. જ્યાં તડ હતી ત્યાં સરકારે તક જોઇ એ વક્ફ બોર્ડને સમજાય તો સારું. સ્વાર્થ સાધવામાં વક્ફ બોર્ડે લોકોનું ભલું જોવાનું ટાળ્યું અને હવે આ નોબત આવી છે.

# જેવો ઉદ્દેશ એવી રીત અને એવું જ પરિણામ

બનારસમાં અત્યારે માલવિય બ્રીજ તરીકે ઓળખાતો પુલ અંગ્રેજોએ ગંગા નદી પર 1887માં બાંધ્યો હતો. એ પુલ 137 વરસ જૂનો છે અને હજુ ઉપયોગમાં છે. 2007માં પુલ 120 વરસ જૂનો થયો ત્યારે હેવી વેહિકલ માટે પુલ બંધ કરવામાં આવ્યો હતો, પરંતુ હળવાં વાહનો હજુ પણ તેનો ઉપયોગ કરે છે. એ પુલ 1 કિલોમીટર લાંબો છે. 13 વરસ પછી 1900ની સાલમાં અંગ્રેજ સરકારે આવો બીજો એક અને તેનાથી લગભગ 3 ગણો લાંબો પુલ આંધ્રપ્રદેશમાં ગોદાવરી નદી પર રાજામુન્દ્રી નજીક બાંધ્યો હતો જે હેવલોક બ્રીજ તરીકે ઓળખાય છે. 1974માં ઈન્દિરા ગાંધીની સરકારે તેની બાજુમાં 4 કિલોમીટર લાંબો નવો પુલ બાંધ્યો એ પછી હેવલોક બ્રીજને વાપરવાનું બંધ કરાયું હતું. આમ તો 2014 પહેલાં ભારતનો કોઈ વિકાસ થયો નહોતો, પરંતુ ઈન્દિરા ગાંધીએ ભૂલમાં 1974ની સાલમાં હેવલોક બ્રિજની બાજુમાં નવો પુલ બંધાવ્યો હતો જે હજુ પણ વપરાશમાં છે. 1887માં બાંધવામાં આવેલો બનારસનો પુલ અને 1900ની સાલમાં બાંધવામાં આવેલો ગોદાવરીનો પુલ ડબલ ડેકર પુલ છે. નીચે રેલવે માટે અને ઉપર વાહનો માટે.

અંગ્રેજોએ બનારસમાં ગંગા નદી પર આવો બેવડા ઉપયોગવાળો મજબૂત પુલ એટલા માટે બાંધ્યો હતો કે પૂર્વ ભારતને ઉત્તર અને પશ્ચિમ ભારત સાથે જોડી શકાય. હેવલોક બ્રીજ એટલા માટે બાંધ્યો હતો કે પૂર્વ ભારતને દક્ષિણ ભારત સાથે જોડી શકાય. આના દ્વારા માલસામાનની અને શ્રમિકોની યાતાયાત સહેલાઈથી થઈ શકે. ભારતમાંથી ઉત્પાદન માટે કાચો માલ ઈંગ્લેન્ડ પહોંચાડી શકાય અને ત્યાં ઉત્પાદિત કરવામાં આવેલો માલ ભારતની બજારમાં વેચી શકાય. આ સિવાય ખનીજના ઉત્ખનન માટે, તેલ કાઢવા માટે, ચા અને કોફીના બગીચાઓ માટે મજૂરોને એકથી બીજા સ્થળે લઈ જઈ શકાય.



**અંગ્રેજોએ બાંધેલા કેટલાક પુલ આજે પણ અડીખમ ઊભા છે, જ્યારે હવે સ્થિતિ એવી છે કે છેલ્લાં દસ વરસ દરમ્યાન બાંધેલાં પુલો, સડકો, પુતળાંઓ કાં તો ધ્વસ્ત થઈ રહ્યાં છે અથવા તેમાં ખામીઓ પેદા થઈ છે**

આમાં અંગ્રેજોનો સ્વાર્થ હતો, તેમણે કોઈ ભારત પર ઉપકાર નહોતો કર્યો. એ સમયે રળેલી સમૃદ્ધિ ઈંગ્લેંડ અને યુરોપના બીજા દેશો આજે પણ ભોગવે છે.

ભારતમાં અંગ્રેજોએ પોણા બસો વરસ સીધું રાજ કર્યું અને ભારત આઝાદ થયો એ પછી આટલા વરસે પણ ભારતનાં કરેલાં શોષણના લાભ ઈંગ્લેંડ ભોગવી રહ્યું છે તો એ શેને કારણે? કારણ બહુ સ્પષ્ટ છે. તેમણે દેશહિતને ધ્યાનમાં રાખીને એટલે કે ઈંગ્લેંડના હિતને ધ્યાનમાં રાખીને ભારતમાં માળખાકીય વિકાસ કર્યો હતો. જેટલું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલો વધારે લાભ અને લાંબા સમય સુધીનો લાભ. પુલ બાંધો તો એવો બાંધો કે તેના પરથી રેલ્વે અને વાહન બન્ને પસાર થઈ શકે અને એ પણ દાયકાઓ સુધી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ભારતને એવી રીતે જોડયો કે સમગ્ર ભારતને વહીવટી રીતે અને આર્થિક રીતે મૂઠીમાં સમાવી શકાય. તેમની પાસે ભારતના શોષણની અને ઈંગ્લેંડના વિકાસની બેથી ત્રણ સદીની લાંબી યોજના હતી. પહેલાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના હાકેમો અને પછી બ્રિટીશ સરકારના અમલદારો એક જ લક્ષ તરફ એક એક ડગલું માંડતા હતા. દરેક જણ શોષણની યોજનાની કડી બનીને ઈંગ્લેંડથી ભારત આવતા હતા. કડી. એકપછી એક આવતી કડી, એક સરખી કડી અને મુદત પૂરી થયે બદલાતી રહેતી કડી. દેશહિતના યજ્ઞમાં પોતાનો ધર્મ બજાવો અને ફરજ પૂરી થયે ખસી જાઓ.

પણ કલ્પના કરો કે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના કોઈ સંચાલકે કે અંગ્રેજ સરકારના કોઈ વડા પ્રધાને કે ભારતમાં કામ કરતા કોઈ અંગ્રેજ ગવર્નરે પોતાનો જયજયકાર કરાવવા, ઈતિહાસમાં અમર થવા, બીજાથી પોતાને ચડિયાતા ગણાવવા, બીજાને નીચા દેખાડવા, કોઈ મળતિયા વેપારીને ફાયદો કરાવવા, પ્રજાને આંજી દેવા કે પછી ચૂંટણી જીતવા મળેલી મુદતમાં ઉતાવળે, આડેધડ અને તકલાદી બાંધકામ કર્યાં હોત તો? ધારત તો એ લોકો કરી શકત. ભારત સરકારના શાસકોની તાકાત કરતાં અંગ્રેજ સામ્રાજ્યની તાકાત 500 ગણી હતી. તેઓ ધારત તો ભારતમાં તાજમહાલ જેવી પચાસ ઈમારતો બંધાવી શક્યા હોત, પણ તેમણે ભાગ્યે જ અનુત્પાદક ખર્ચ કર્યો હતો. તેમણે બ્રિટીશ સામ્રાજ્યના જયજયકાર માટે જ્યાં પૈસા નહોતા વેડફ્યા ત્યાં અંગત જયજયકાર માટે પૈસા વેડફવા એ તો બહુ દૂરની વાત છે. અમલદારોને રાજી કરવા અને અંગ્રેજ સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસની પ્રજાને યાદ અપાવવા નાનાંમોટાં પુતળાં બાંધવાથી વિશેષ કોઈ વેડફાટ તેમણે નહોતો કર્યો. માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર તોતિંગ. મુંબઈનું વીટી સ્ટેશન પૂનાના પેશ્વાઓના રાજમહેલ કરતાં ચાર ગણું મોટું છે અને તેની એક કાંકરી પણ ખરી નથી. અત્યારે પેશ્વાઓનો રાજમહેલ ખંડેર અવસ્થામાં છે.

તેઓ ધારત તો 100 એકરમાં વિશ્વનો



નો નોનસેન્સ
રમેશ ઓઝા

સૌથી મોટો ચર્ચ ભારતમાં બાંધી શક્યા હોત. 100 કિલોમીટર દૂરથી દેખાય એવી કોઈ ઉંચી ઈમારત બાંધી શક્યા હોત. બેશુમાર તાકાત હતી અને ભારતમાંથી લૂટેલી સમૃદ્ધિની છોળો ઉડતી હતી. કશું જ અશક્ય નહોતું તેમના માટે, પણ તેમણે આવું કશું કર્યું નહોતું, કારણ કે તેઓ અસલામતી અને લઘુતાગ્રંથિથી પીડિત નહોતા. તેઓ દીર્ઘદ્રષ્ટિ ધરાવતા હતા અને દેશહિતમાં વ્યવસ્થાની એક કડી બનીને પોતાની ફરજ નિભાવીને ખસી જવા તૈયાર હતા. તેમને જાણ હતી કે એક દિવસ ભારત ગુમાવ્યા પછી પણ તેમની ત્રણ-ચાર પેઢી સુખેથી જીવી શકશે. બાકી દેખાડા એ કરે જેને પોતાનામાં ભરોસો ન હોય. ઈતિહાસમાંથી ભૂંસાઈ જવાનો અથવા ધકેલાઈ જવાનો ડર હોય. આવું એ કરે જે કર્તુત્વ દ્વારા નહીં, પણ દેખાડા દ્વારા પ્રજાને આંજી દેવાનો પ્રયાસ કરે. છેલ્લાં દસ વરસ દરમ્યાન બાંધેલાં પુલો, સંસદભવન જેવી ઈમારતો, અયોધ્યાનું રામમંદિર, વિમાનમથકો, સડકો, પુતળાંઓ કાં તો ધ્વસ્ત થઈ રહ્યાં છે અથવા તેમાં ખામીઓ પેદા થઈ છે.

અનુસંધાન પાના નં. 3

સિલી પોઈંટ

